તાપમાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૨૮.૦° સે. | ૨૬.૦° સે. |
| આહવા | ૨૬.૦° સે. | ૨૪.૦° સે. |
| વલસાડ | ૨૯.૦° સે. | ૨૭.૦° સે. |
| વાપી | ૨૯.૦° સે. | ૨૭.૦° સે. |

નવસારી રિંગરોડ

વાંસદામાં 27, ખેરગામમાં 22, ચીખલીમાં 15 ઇંચ જેટલું પાણી ઝીંકાયું

# નવસારીની મિથીલાનગરીમાં 350 ઘરમાં પાણી ઘૂસ્યા

**11 હજારથી** વધુ લોકોનું સ્થળાંતર, પૂર્ણા, અંબિકા, કાવેરી નદી ગાંડીતૂર: પૂર્ણાનું જળસ્તર 29 ફૂટે પહોંચ્યું, જિલ્લામાં 250થી વધુ રસ્તા બંધ, ટ્રેનો થંભી જતાં અનેક મુસાફરો અટવાયા

નવસારી: નવસારી જિલ્લામાં તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે સમગ્ર નવસારી જાણે બેટમાં ફેરવાઇ ગયું હતું. ભારે વરસાદના કારણે પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓમાં નવાં નીરની આવક સતત વધી રહી છે. પૂર્ણા નદીનું જળસ્તર 29 ફૂટ સુધી પહોંચી જતા નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું પાણી ફરી વળ્યું હતું. નદીકાંઠાનાં ગામો અને સોસાયટીઓમાં પાણી ઘૂસી જતાં લોકોને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી. ચેકડેમો, તળાવો અને નાળા પણ છલકાઈ ગયા હતા, જેના કારણે અનેક ગામોમાં પાણી ભરાવાની સ્થિતિ યથાવત્ રહી હતી. નવસારી જિલ્લામાં સૌથી વધુ વરસાદ વાંસદામાં 27.17 ઇંચ જ્યારે ખેરગામમાં પણ 22.09 વરસાદ નોંધાયો હતો. જ્યારે સૌથી ઓછો વરસાદ જલાલપોરમાં 4.61 અને નવસારી તાલુકામાં 4.29 ઇંચ વરસાદ નોંધાયો હતો. આ અતિવૃષ્ટિના કારણે શહેરોથી લઈને અંતરિયાળ ગામો સુધી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. અનેક વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી ગયું હતું, જ્યારે રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા હતા. છેલ્લાં ઘણાં વર્ષો પછી એક જ દિવસમાં આટલો વરસાદ નોંધાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. નવસારી શહેરની મિથિલા નગરીમાં પૂરનું સૌથી ભયાનક દૃશ્ય જોવા મળ્યું હતું. પૂર્ણા નદીનું પાણી ઘૂસી જતાં 350થી વધુ ઘરોમાં પાણી ભરાઈ ગયું છે. સમગ્ર વિસ્તાર ટાપુમાં ફેરવાઈ ગયો હતો. વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવતા લોકો અંધકારમાં રહેવા મજબૂર બન્યા હતા. અનેક પરિવારો ઘરની અગાસી અને ઉપરના માળે આશરો લેવા મજબૂર બન્યા હતા. બાળકો માટે દૂધ અને વૃદ્ધો માટે દવાઓ મેળવવી પણ મુશ્કેલ બની ગઈ હતી.

### SDRF - NDRFની ટીમ તૈનાત

જિલ્લામાં સર્જાયેલી વિકટ સ્થિતિ વચ્ચે જિલ્લા વહીવટી તંત્રે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી હતી. માત્ર 24 કલાકમાં 11 હજારથી વધુ લોકોને જોખમી વિસ્તારોમાંથી બહાર કાઢીને સલામત સ્થળોએ પહોંચાડવામાં આવ્યા હતા. પોલીસ, ફાયર બ્રિગેડ, SDRF, NDRF, હોમગાર્ડ અને સ્થાનિક સ્વયંસેવકો દિવસ-રાત બચાવ કામગીરીમાં જોડાયા હતા. બોટ દ્વારા વૃદ્ધો, મહિલાઓ, બાળકો અને બીમાર લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. રાહત શિબિરોમાં ભોજન, પીવાનું પાણી, આરોગ્ય સેવા, દૂધ અને જરૂરી દવાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારે વરસાદથી જિલ્લાના 240થી વધુ રસ્તાઓ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. અનેક પુલો પર ઓવરટોપિંગ થયું છે, જ્યારે રેલવે અંડરપાસ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સુરત, વલસાડ, બીલીમોરા, ચીખલી, ખેરગામ અને વાંસદા તરફ જતાં મુખ્ય માર્ગો પર વાહનચાલકો કલાકો સુધી અટવાઈ રહ્યા હતા. કેટલાક ગામોનો તાલુકા મથક સાથેનો સંપર્ક પણ સંપૂર્ણપણે તૂટી ગયો હતો.

### ટ્રેનો રદ થતાં હજારો અપડાઉનવાળા અટવાયા

ભારે વરસાદના કારણે પશ્ચિમ રેલવેની કામગીરી પણ પ્રભાવિત થઈ હતી. ટ્રેક પર પાણી ભરાતા અનેક ટ્રેનો મોડી પડી હતી અને કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી હતી. નવસારી રેલવે સ્ટેશન પર મોટી સંખ્યામાં મુસાફરો કલાકો સુધી અટવાઈ ગયા હતા. બીજી તરફ સુરત, વાપી અને અન્ય ઔદ્યોગિક વિસ્તારોમાં નોકરી માટે જતા હજારો કર્મચારીઓ પોતાના કાર્યસ્થળે પહોંચી શક્યા નહોતા. વરસાદે માત્ર વાહનવ્યવહાર જ નહીં, પરંતુ લોકોની રોજીરોટી પર પણ સીધી અસર પહોંચાડી હતી.

### ઊભા પાકને કરોડોનું નુકસાન થવાની ભીતિ

અતિવૃષ્ટિએ જિલ્લાના ખેડૂતોને પણ ભારે ફટકો આપ્યો હતો. ડાંગર, શાકભાજી, કેળા, પપૈયાં અને અન્ય બાગાયતી પાક પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ખેતરોમાં પાણી ભરાઈ જતાં ખેડૂતો પોતાના પાકને બચાવી શકતા નથી. કૃષિ વિભાગ વરસાદ બાદ નુકસાનનું સરવેક્ષણ કરશે, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ જિલ્લામાં કરોડો રૂપિયાનું કૃષિ નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### તમામ વિભાગોને 24 કલાક એલર્ટ રહેવા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીની સૂચના

જિલ્લામાં સર્જાયેલી વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી નવસારી પહોંચ્યા હતા. તેમણે જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા, મહાનગરપાલિકા કમિશનર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી. ગૃહમંત્રીએ સ્પષ્ટ સૂચના આપી હતી કે અસરગ્રસ્ત વ્યક્તિ સુધી મદદ પહોંચાડવામાં કોઈ વિલંબ ન થવો જોઈએ. બચાવ કામગીરી, સ્થળાંતર, રાહત શિબિરો, વીજ પુરવઠો, આરોગ્ય સેવાઓ અને આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધિ અંગે સતત દેખરેખ રાખવા પણ તાકીદ કરવામાં આવી હતી.

### વધુ વરસાદની શક્યતાથી નવસારી જિલ્લો હાઈ એલર્ટ પર

હવામાન વિભાગે આગામી કલાકોમાં પણ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરતાં સમગ્ર નવસારી જિલ્લાને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્રે લોકોને નદી-નાળાઓથી દૂર રહેવા, બિનજરૂરી મુસાફરી ટાળવા, અફવાઓથી દૂર રહેવા અને માત્ર સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. તમામ કંટ્રોલ રૂમ, બચાવ દળો અને આરોગ્ય વિભાગને 24 કલાક સજ્જ રાખવામાં આવ્યા છે જેથી કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિનો તાત્કાલિક સામનો કરી શકાય.

### સતત ત્રીજા દિવસે શાળા-કોલેજો બંધ, નવસારીમાં હાઈ એલર્ટ

નવસારી: ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિને પગલે જિલ્લા પ્રશાસને સતત ત્રીજા દિવસે પણ શાળા-કોલેજોમાં રજા જાહેર કરી હતી. લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. દરમિયાન ગૃહમંત્રી હર્ષ સંઘવી નવસારી પહોંચી પૂરની સ્થિતિની સમીક્ષા કરી તંત્રને રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા સૂચના આપી હતી.

### ભારે વરસાદથી નવસારીમાં અનેક માર્ગો બંધ, તંત્રની જાહેર અપીલ

નવસારી: જિલ્લામાં સતત ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનસુરક્ષાને ધ્યાનમાં રાખીને અનેક માર્ગો પર વાહનવ્યવહાર અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્રે નાગરિકોને બંધ કરાયેલા માર્ગો પરથી પસાર ન થવા, અનાવશ્યક મુસાફરી ટાળવા, વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા તથા પોલીસ અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે. સાથે જ અફવાઓથી દૂર રહી માત્ર અધિકૃત માહિતી પર જ વિશ્વાસ રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં આભ ફાટ્યું

# વઘઈમાં 25 ઇંચ વરસાદથી 100થી વધુ ગામ સંપર્કવિહોણાં

**47થી વધુ** કોઝવે પાણીમાં ગરક થઇ ગયા

**અનેક** માર્ગો પર માટીનો મલબો, ભેખડો અને વૃક્ષો ધરાશાયી

**આજે** પણ ડાંગની શાળા-કોલેજો અને આંગણવાડીમાં રજા

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા 4 દિવસથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. . ડાંગ જિલ્લામાં ધોધમાર વરસાદનાં પગલે લોકમાતાઓમાં અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓ ગાંડીતુર બની ભયજનક સપાટી વટાવતા દ્રશ્યો બિહામણા બન્યા હતા. તો બીજી તરફ 47 થી વધુ કોઝવેકમ પુલો ઊંડા પાણીનાં ધસમસતા પ્રવાહમાં ગરક થઈ જતા 100 જેટલા ગામડાઓ જિલ્લાનાં વહીવટી મથકેથી વિખુટા પડી પ્રભાવિત બન્યા હતા. સાથે જ ડાંગ જિલ્લાનું જનજીવન, પશુપાલન, ડેરી વ્યવસાય, સહીત વાહન વ્યવહાર ખોરંભે ચડી અશતપણે પ્રભાવિત બન્યુ હતુ. ડાંગ જિલ્લામાં અનરાધાર વરસાદનાં પગલે આંતરિક માર્ગો સહીત રાજ્ય ધોરીમાર્ગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં ઠેરઠેર માટીનો મલબો,પથ્થરો અને ભેખડો તથા વૃક્ષો ધરાશયી થવાનાં બનાવો બન્યા હતા. આજે શુક્રવારે પણ ડાંગની શાળા કોલેજો અને આંગણવાડીમાં રજા જાહેર કરવામાં આવી છે.

અમુક માર્ગો પર પાણી ભરાઈ જતા વાહનચાલકોએ હેમખેમ વાહનો બહાર કાઢ્યા હતા. ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઇને જોડતો મહત્વપૂર્ણ રાજ્ય ધોરીમાર્ગનાં રંભાસ-દેવીપાડાથી સાકરપાતળ સુધીમાં ઠેરઠેર માર્ગમાં અંબિકા નદીનાં પુર ફરી વળતા રાજ્ય ધોરીમાર્ગ કલાકો સુધી અવરોધાયો હતો. ખેતરોમાંથી પુર ડાંગરનાં પાકને ઘસડી ગયુ હતુ.વધુમાં ભારે વરસાદનાં પગલે ડાંગ જિલ્લામાં નિચાણવાળા ગામડાઓમાં પાણી ભરાવાની સમસ્યા ઉભી થઇ હતી.

### ડાંગના આ વિસ્તારમાં પાણી ફરી વળ્યા

| | |
|---|---|
| સાપુતારા | બોરખલ |
| શામગહાન | ગલકુંડ |
| આહવા | પીપલાદદેવી |
| ચીંચલી | ગારખડી |
| લવચાલી | સુબિર |
| સિંગાણા | બરડીપાડા |
| મહાલ | કાલીબેલ |
| પીંપરી | ભેંસકાતરી |
| ઝાવડા | લહાનમાળુંગા |
| વઘઇ | સાકરપાતળ |
| સુબિર | 7.46 ઇંચ |
| સાપુતારા | 11.28 ઇંચ |
| આહવા | 11.52 ઇંચ |
| વઘઇ | 25.64 ઇંચ |

### સાપુતારાની વૈશાલી હોટલ નજીક વૃક્ષ અને લાઇટપોલ ધસી ગયા

સાપુતારા સ્થિત વૈશાલી હોટલ નજીક વૃક્ષ તથા DGVCLનો એક હાઈટેન્શન (HT) વીજ થાંભલો ધરાશાયી થયો હતો. DGVCL સાપુતારાની ટીમ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરી થાંભલાની સુરક્ષિત રીતે હેરફેર કરવામાં આવી અને માર્ગ પરથી અવરોધ દૂર કરવામાં આવ્યો છે. (1)ડાંગ જિલ્લામાં વહેલી સવારથી વરસી રહેલા ભારે વરસાદને કારણે જિલ્લાના વિવિધ માર્ગો પર વૃક્ષો ધરાશાયી થવા તેમજ કેટલાક સ્થળોએ ભૂસ્ખલનની ઘટનાઓ નોંધાઈ હતી. જોકે ડાંગ કલેક્ટર એન.ડી.પરમારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર, માર્ગ અને મકાન વિભાગ, DGVCL તથા અન્ય સંબંધિત વિભાગોએ તાત્કાલિક કામગીરી હાથ ધરી અસરગ્રસ્ત માર્ગોને ઝડપભેર ખુલ્લા કરવાની કવાયત હાથ ધરી છે.

# મરોલી ઉદ્યોગનગરમાં ક્લોરિન ગેસ લીકેજ, અકસ્માત કે બેદરકારી?

**કેમિકલ** ફેક્ટરીમાં ક્લોરિન ગેસ લીકેજ થતાં બે શ્રમિકોની આંખો બળવા લાગી, શ્વાસ લેવામાં તકલીફ પડી

નવસારી: જલાલપોર તાલુકાના મરોલી ઉદ્યોગનગરમાં આવેલી એક કેમિકલ ફેક્ટરીમાં ક્લોરીન ગેસ લીકેજની ઘટના બાદ ઔદ્યોગિક સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ગેસની અસરથી બે શ્રમિકોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ થતાં તેમને નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં પોલીસ, ફાયર બ્રિગેડ અને ઔદ્યોગિક સુરક્ષા વિભાગની ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગેસ લીકેજ કાબૂમાં લીધો હતો. હવે તપાસનો મુખ્ય મુદ્દો એ છે કે લીકેજ ટેકનિકલ ખામીથી થયું કે સલામતીના નિયમોમાં બેદરકારીના કારણે? તપાસ દરમિયાન ફેક્ટરીના સલામતી ધોરણો, ગેસ લાઈનની જાળવણી, ઈમરજન્સી સિસ્ટમ અને નિયમિત સેફ્ટી ઓડિટની ચકાસણી કરવામાં આવશે. જો બેદરકારી સામે આવશે તો જવાબદારો સામે કડક કાર્યવાહી થઈ શકે છે. હાલ ઘટનાનું ચોક્કસ કારણ જાણવા સત્તાવાર તપાસ શરૂ કરવામાં આવી હતી.

## વાંસદાના ધરમપુરીમાં કોષ ખાડી નદીનું પાણી ફરી વળતાં 12 ફસાયા

વાંસદા: વાંસદા તાલુકાના ધરમપુરી ગામે સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે કોષ ખાડી નદીમાં પાણીનો પ્રવાહ વધતા પટેલ ફળિયા વિસ્તારમાં નદીનું પાણી ફરી વળ્યું હતું. જેના કારણે ફળિયાનાં ત્રણ મકાનો પાણીની ઝપેટમાં આવી જતા અંદર રહેલા આશરે ૧૦થી ૧૨ જેટલા લોકો ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વાંસદા મામલતદાર, બચાવ દળની ટીમ, તલાટી, સરપંચ સહિત સ્થાનિક ગ્રામજનો અને યુવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ એકજૂથ બની બોટ, દોરડા અને ટ્યુબની મદદથી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ત્રણેય ઘરોમાં ફસાયેલા તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ઉપરાંત ગામમાં પૂરમાં અસરગ્રસ્ત અન્ય લોકોને અન્ય જગ્યાએ ખસેડવા આવ્યા હતા.

## વાંસદાના જૂજ ડેમની કેનાલમાં ભારે વરસાદના કારણે મોટું ગાબડું, ઊભો પાક ધોવાયો

નિલેશ કાપડિયા

**ડાંગર** સહિતનો પાક ધોવાઈ જતાં ખેડૂતોને ભારે નુકસાન સહન કરવાનો વખત આવ્યો

વાંસદા: વાંસદા તાલુકાના જૂજ ગામે આવેલા જૂજ ડેમની જમણા કાંઠાની કેનાલમાં સીતાપુર નજીક ભારે વરસાદના કારણે મસમોટું ગાબડું પડ્યું હતું. જેના કારણે કેનાલનું પાણી આસપાસનાં ખેતરોમાં ફરી વળ્યું હતું. પરિણામે ખેડૂતો દ્વારા તાજેતરમાં કરાયેલી વાવણી ધોવાઈ જતાં ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વખત આવ્યો હતો. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે કેનાલનો પાળો તૂટી જતાં પાણીનો જોરદાર પ્રવાહ ખેતરોમાં ઘૂસી ગયો હતો. જેના કારણે ડાંગર સહિતના પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. અનેક ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળતાં ધરતીપુત્રોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નિલેશ કાપડિયા

### વાંસદાના ગાંધીનગર ફળિયામાં ભારે વરસાદથી અનેક ઘરોમાં પાણી ઘૂસ્યા

વાંસદા: વાંસદા ગામના ગાંધીનગર ફળિયામાં ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં આવેલા અંદાજે 30થી 40 ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતાં રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ મુશ્કેલ પરિસ્થિતિમાં વોર્ડ નં. 7ના સભ્ય ચિરાગ કડોદિયા દ્વારા અસરગ્રસ્ત પરિવારોને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત, જરૂરિયાતમંદ લોકોને પોતાના ઘરે રહેવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

## વાંસદાની જીવાદોરીસમાન જૂજ અને કેલિયા બંને ડેમ ઓવરફ્લો

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા સહિત ઉપરવાસમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અવિરત વરસાદના કારણે જૂજડેમ ગુરુવારે સવારે ચારથી છ કલાક દરમિયાન તેની 166.40ની સપાટીથી 167.55 પર પહોંચી ઓવરફ્લો થયો હતો. જ્યારે કેલિયા ડેમ સવારે આઠથી દસ કલાક દરમિયાન તેની 113.40થી 45 મી. ઊંચાઈએથી 113.85 મીટર પર ઓવરફ્લો થવા લાગ્યો હતો. જુજડેમ સાંજે ચાર કલાકે 167.80 મીટર અને કેલિયા ડેમ 115 મીટરની ઊંચાઈએથી ઓવરફ્લો થયા હતા. જુજડેમ વાંસદા સહિત હજારો ખેડૂતોની જીવાદોરી સમાન છે જે ચોમાસાના આશીર્વાદથી છલકાતો માત્ર પાણીનો જળાશય નથી, પરંતુ વાંસદાની જીવાદોરી છે. આ જળસંપતિ ખેડૂતોનાં ખેતરો હરિયાળા, ગામોમાં સમૃદ્ધિ અને દરેકના ચહેરા પર આશા લઈને આવે છે. ડેમ ભરાય એટલે વાંસદાનું ભવિષ્ય હરિયાળું બને છે. જ્યારે કેલિયા ડેમનો લાભ વાંસદા સહિત ચીખલી તાલુકાને પણ થાય છે. વરસાદની સતત આગાહીના પગલે વહીવટી તંત્ર દ્વારા જુજ અને કેલિયા ડેમને અસરગ્રસ્ત નિચાણવાળા ગામોને નદી પટવિસ્તારમાં બિનજરૂરી અવર-જવર નહીં કરવા સૂચન કરાયું હતું.

## ચંદન તળાવ છલકાતાં રસ્તા પર આવી પહોંચી માછલીઓ... જાળ લઈને વરસાદી પાણીમાં ઊતરી પડ્યા લોકો

નવસારી: ધોધમાર વરસાદ વચ્ચે વિજલપોર સ્થિત ચંદન તળાવ છલકાઈ જતાં એક અનોખું અને કુતૂહલજનક દૃશ્ય સર્જાયું હતું. તળાવમાંથી વહેતા વરસાદી પાણી સાથે મોટી સંખ્યામાં માછલીઓ રસ્તા પર તણાઈ આવતાં સ્થાનિક લોકો જાળ લઈને પાણીમાં ઊતરી પડ્યા હતા. જાણે રસ્તો જ ક્ષણભર માટે માછીમારીનું સ્થળ બની ગયો હોય તેવા દૃશ્યો જોવા મળ્યા હતા. એક તરફ ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ સમગ્ર જિલ્લાનું જનજીવન પ્રભાવિત કર્યું છે, તો બીજી તરફ માછલીઓ પકડવા લોકોની ભારે દોડધામ જોવા મળી હતી. રસ્તા પર જાળ પાથરી લોકો માછલીઓ ઝડપી રહ્યા હતા, જ્યારે આ અનોખા નજારાને જોવા મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં થોડા સમય માટે વિસ્તારમાં કુતૂહલ અને ચર્ચાનો માહોલ છવાઈ ગયો હતો. કુદરતના પ્રકોપ વચ્ચે સર્જાયેલો આ અનોખો પ્રસંગ લોકો માટે યાદગાર બની રહ્યો હતો.